P7521

RAN-2108002202040001

# RAN-2108002202040001

## S.Y.B.Com. (External) Examination March - 2026

## Business Administration

**Time: 0 Hours ]** **[ Total Marks: 100**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book.<br>(2) As per the instruction no. 1 of page no. 1<br>(3) જમણી બાજુના અંક પ્રશ્નના પુરા ગુણ દર્શાવે છે.<br>Figures to the right indicate full marks of that question.<br>(4) પ્રશ્ન-૧ ફરજીયાત છે.<br>Question no.1 is compulsory. | Student's Signature |

**પ્ર. 1** **ટુંકમાં જવાબ આપો.** **(20)**

1. માનવ સંપત્તિ (માનવ સંસાધનો)નો અર્થ લખો.
2. કારકિર્દી આયોજનની વ્યાખ્યા આપો.
3. મજૂર સંઘ એટલે શું?
4. બજારનો અર્થ આપો.
5. આધુનિક બજારક્રિયાનો અર્થ લખો.
6. બજારક્રિયા પર્યાવરણ એટલે શું?
7. બજારક્રિયા અંકુશની વ્યાખ્યા આપો.
8. બજાર માંગનો અર્થ લખો.
9. ઓદ્યોગિક અશાંતિનો અર્થ આપો.
10. બજાર વિભાજન એટલે શું?

**પ્ર. 2** માનવ સંસાધન વ્યવસ્થાપકની ભૂમિકાઓ વિગતવાર ચર્ચા કરો. **(16)**

**અથવા**

**પ્ર. 2** અ) માનવ સંસાધન આયોજનના ફાયદા સમજાવો. **(8)**

બ) માનવ સંસાધન સંચાલન અને કર્મચારી સંચાલન વચ્ચે તફાવત સમજાવો. **(8)**

**પ્ર. 3** કારકિર્દી આયોજનના ફાયદા અને મર્યાદાઓ વિગતે સમજાવો. **(16)**

**અથવા**

**પ્ર. 3** અ) મજૂર સંઘોના અધિકારો/હકો સમજાવો. **(8)**

બ) ઓદ્યોગિક ઝઘડાના જુદા જુદા સ્વરૂપો સમજાવો. **(8)**

**પ્ર. 4** પેદાશ જીવન ચક્રના જુદા જુદા તબક્કાઓ વિગતવાર સમજાવો. **(16)**

**અથવા**

**પ્ર. 4** અ) સરકારી બજારની વિગતવાર ચર્ચા કરો. **(8)**

બ) બજાર વિભાજનના ફાયદા સમજાવો. **(8)**

**પ્ર. 5 ટૂંકનોંધ લખો (ગમે તે બે)** **(16)**

1. બજાર સંશોધનના હેતુઓ.
2. વપરાશકર્તાઓનું બજાર અથવા ઉપભોક્તાઓનું બજાર.
3. માનવ સંસાધન મનોબળને અસર કરતા પરિબળો.
4. બિન નફાકારક માર્કેટિંગ.

**પ્ર. 6 કેસ સ્ટડી :** **(16)**

વિરલ પ્લાસ્ટોટેક્ષ પ્રા.લિ એક કંપની છે. જેમાં 4230 કામદારો કામ કરે છે. તેઓએ એક યુનિયનની રચના કરી છે. જે કંપનીએ માન્ય કર્યું છે. તેમાં કંપનીના 70% કામદારો સભ્યો તરીકે નોંધાયેલા છે. યુનિયને કંપનીના મેનેજમેન્ટ પાસેથી વિવિધ માંગણીઓ, રજૂઆતો તથા પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક સૌદાગીરી પદ્ધતિ અપનાવી છે. યુનિયનનો મેનેજમેન્ટ સાથેનો છેલ્લો કરાર પૂર્ણ થવાને 6 માસ બાકી હતા. ત્યારે યુનિયનના નેતાઓએ નવી માંગણી સાથે નવી અરજી મેનેજમેન્ટને કરી છે. તેમાંથી કેટલીક માંગણીઓ સ્વીકારવામાં આવી છે અને હવે પછીના બે વર્ષ માટે તેનો અમલીકરણ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

નવા કરારના અમલીકરણ બાદ થોડાક સમય વીતી ગયા પછી એક નવા નેતાએ યુનિયનમાં બહુમતી પ્રાપ્ત કરી છે. કંપનીના કામદારોનું આ નવા નેતા તરફ વલણ હકારાત્મક દાખવવાનું કારણ જૂના નેતાઓએ કામદારોના આર્થિક હિતના ભોગે મેનેજમેન્ટ સાથે સમાધાન કર્યું હતું.

આ નવા નેતાએ કામદારોને સમજાવ્યું કે, અન્ય કંપનીઓમાં તેમણે કામદારોને મેનેજમેન્ટ પાસેથી ઘણો બધો ફાયદો કરાવી આપ્યો છે. અને આ કંપનીના કામદારો પણ આવા લાભો મેળવવા માંગતા હોય તો તેઓએ આ બીજા યુનિયનના સભ્યો બનવું જોઈએ. ત્યારબાદ મોટાભાગના કામદારો જૂના યુનિયન માંથી નવા યુનિયન માં જોડાઈ ગયા હતા.

નવા યુનિયનના નેતાઓએ મેનેજમેન્ટ સમક્ષ માંગણી કરી કે તેમનું યુનિયન બહુમતીમાં હોય તેમને મેનેજમેન્ટે માન્યતા આપવી જોઈએ. જો મેનેજમેન્ટ ત્રણ મહિનામાં આ માંગણી ન સ્વીકારે તો કામદારો હડતાલ કરશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે. બીજી તરફ જૂનું યુનિયન જે લઘુમતીમાં છે તેમણે મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરી છે કે તેમનું યુનિયન માન્ય હોય તેમની સાથે જ કામદારોની બધી બાબતો માટે વાટાઘાટ કરવી જોઈએ.

**પ્રશ્નો :**

1. ઉપરોક્ત કેસમાં એક વિષય નિષ્ણાત તરીકે તમે શું સલાહ આપશો?
2. ઉપરોક્ત પરિસ્થિતિ ઉદ્ભવવાના કારણો જણાવો
3. કંપનીમાં કામદારોના યુનિયનનો સભ્યોના હિત પ્રત્યે જવાબદાર હોય છે. ઉપરોક્ત કેસમાં સામેલ કામદાર યુનિયનના વલણોનું મૂલ્યાંકન કરો.

## ENGLISH VERSION

**Q. 1 Answer in brief.** **(20)**

1. Write the meaning of Human Resources.
2. Define Career Planning.
3. What is meant by Trade Union?
4. Give the meaning of Market.
5. Write the meaning of Modern Marketing.
6. What is meant by Marketing Environment?
7. Give the definition of Marketing Control.
8. Write the meaning of Market Demand.
9. Give the meaning of industrial Dispute.
10. What is Market segmentation?

**Q. 2** Discuss in detail the role of Human Resource Manager. **(16)**

**(OR)**

**Q. 2** (A) Explain the benefits of Human Resource Planning. **(8)**

(B) Explain difference between Human Resource Management and Personal Management. **(8)**

**Q. 3** Explain in detail advantages and limitations of Career Planning. **(16)**

**(OR)**

**Q. 3** (A) Explain the rights of Trade Unions. **(8)**

(B) Explain different forms of Industrial Dispute. **(8)**

**Q. 4** Explain in detail the different stages of the Product life cycle. **(16)**

**(OR)**

**Q. 4** (A) Discuss in detail the Government Market. **(8)**

(B) Explain the advantages of Market segmentation. **(8)**

**Q. 5 Write Short Note (Any Two)** **(16)**

1. Objectives of Market Research.
2. The Consumer Market.
3. The factors affecting Human Resource Morale.
4. Non Profit Marketing.

**Q. 6 Case Study.** **(16)**

Viral Plastotax Pvt. Ltd. is a Company engaged 4230 workers in its unit. The workers of this company have formed a union which is also recognized by the company. Here 70% workers of this company have been registered as a member of the union. The union of this company adopted collective bargaining method to make various demands, present problems and possible solutions against the management of the company. During 6 months of this ending of last contract with the management, the leader of the union applied with new demands against the management of the company. Some demands have been accepted by the management and started implementation of the same for next two years.

After implementation of the new contract, another leader becomes successful in achieving majority in the union. The workers of the company become positive to the new leader because leader of the old union compromised with management of the company at the cost of economic interest of the workers.

The new leader explain the workers about the benefits granted by other companies for their workers under his leadership, so if the workers of this company wants to get such a benefit, they should join the new union. Then majority of the workers of old union joined the new union. The leader of the new union made demand against the management of the company to get recognisation of new union and present their majority in the union. The new leader threatened the management that if the demand is not accepted within 3 months they will go on strike and the sole responsibility will be of the management of the company. On other hand old union in minority also presented before the management that all matter should also be negotiated only with them as it is still recognized the union.

**Questions :**

1. What would you give suggestion as a subject expert in the above case?
2. Give your reasons for arising above situation.
3. The leaders of the union are responsible to the interest of the members, here evaluate the attitude of the labor unions involved in the above case

---